# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઘડાઇ કબ્જાની યોજના શાંતિ હણાઇ છે,
બડાઇ સાંખી ન શકતાં કરી ચડાઇ છે,
દ્વેષની કડાઇમાં ઉકળે ઇર્ષાનો આતંક -
એક જ કોમની આ આંતરિક લડાઇ છે..
(શિયા-સૂન્નિ વિખવાદ)

## હાઇકુ

પ્હેલે કોળીએ,
લ્યો! આવી ગઇ માખી -
મોંઘવારીની..

વિદેશી લાહ્ય -
મૂકે વિસામણમાં,
દાઝે જિંદગી..

## ચિંતન

**ક્ષણશઃ કણશ્ચૈવ વિદ્યામ અર્થ ચ સાધયેત । ક્ષણે નષ્ટે કુતો વિદ્યા, કણે નષ્ટે કુતો ધનમ્ ॥**

'પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરીને જ્ઞાન પ્રાપ્ત-શિક્ષણ ભણવું જોઇએ. દરેક ક્ષણનો વિદ્યા પ્રાપ્તિ માટે ઉપયોગ કરવો જોઇએ. અને દરેક કણ અનાજનો ઉપયોગ કરી કમાણી કરવી જોઇએ. જો ક્ષણ વ્યર્થ-નકામી વેડફી નાખવામાં આવે તો જ્ઞાન નહીં મળે અને કણ વ્યર્થ જશે તો સંપત્તિ નહીં મળે.'

આ શ્લોકમાં 'ક્ષણ' અને 'કણ'નું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

આજની યુવાની મોબાઇલ અને વોટસેપ ફેસબૂક પર મેસેજ વાંચવા-મોકલવા કલાકોના કલાકો વેડફી નાખે છે અને એમ છતાં એનો જરા પણ અફસોસ પણ થતો નથી. હવે 'ક્ષણ'ની તો શું એમને કલાકોની કિંમત સમજાતી નથી. કામના કલાકો નાહકના બીન જરૂરી સંદેશો વાંચવા-મોકલવાની જિંદગીમાં કંઇ મહત્ત્વ નથી. શિક્ષણ પ્રાપ્તિ, નવું વાંચનમાં જ આવી ક્ષણોનો ઉપયોગ કરવો જોઇએ.

આજે પૈસા ખર્ચી મોટી મોટી હાઇફાઇ હોટેલોમાં હજારો રૂપિયાની થાળી ખાવાનું અને અનાજનો બગાડ કરવાનું મહત્ત્વ વધ્યું છે એક એક કણ પાછળના પરિશ્રમ અને ભૂખ્યાં માટેની તેની ઉપયોગિતાનો વિચાર કરવો જરૂરી છે. કણ-કણની બચતમાં જ સમૃદ્ધિ સમાયેલી છે.

## સુવિચાર

- કોઇ માને કે ન માને ઉસકી મરઝી, મગર વો હુકમ તો જારી કરે હૈ, જીસ કી એક લમ્હેં પર કોઇ લગામ નહીં, વો સદિયોં કી તૈયારી કરે હૈં — **વસીમ બરેલવી**
- એકવીસમી સદીનું એક નવું વ્યસન છે.. 'શોપિંગ' — **નવનીત**
- પ્રિત માટે તો મને જીંદગી ઓછી પડે છે.. ખબર નઇ લોકો નફરત માટે સમય ક્યાંથી કાઢે છે — **સંત રોબીન**
- આવેલી તકનો લાભ લેવા તમે તૈયાર રહેશો નહીં તો તક તમારી મજાક ઉડાવશે — **સ્વેટ મોર્ડન**
- જરૂરિયાત અને ઇચ્છા વચ્ચેનો ભેદ જે પારખી શકે છે તે સાચું સુખ પ્રાપ્ત કરી શકે છે — **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ કદાચ બ્રહ્માંડનાં ભેદ પામી જશે.. પણ પોતાની ભીંતરનાં અભિમાનના ભેદ પામી નહીં શકે — **ગુણવંત શાહ**
- સમસ્યાઓ તરફ પોતાનો ગુસ્સો વાળવો એ સકારાત્મકતા અને શાણપણ છે.. નહીં કે લોકો ઉપર.. — **ભીખાઇજી કામા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

'આપણને કોઇના કામ ભૂલ કાઢવાનું કે 'આમ નહીં આમ કર્યું હોય તો વધારે સારું લાગત' કહી સૂચન કરવાનું બહુ ફાવે છે પણ જયારે તમને જ સર્જન કરવાનું કે કહેવામાં આવે ત્યારે 'પરસેવા' આવી જાય. સર્જન કરવું કપરૂં છે કોઇની ભૂલો કાઢવી સરળ છે.'

એક ચિત્રકારે પેન્સીલથી સુંદર ચિત્ર બનાવ્યું. એ ખરેખર ઉત્તમ ચિત્રકાર હતો. એક પ્રદર્શનમાં એણે પોતાનું આ ચિત્ર મૂક્યું અને દર્શકો માટે સૂચના લખી 'તમને આ ચિત્રમાં જયાં ભૂલ કે સુધારાની જરૂર જણાય ત્યાં આ કાળી પેન્સીલથી ટપકું કરો.'

ચિત્રકારના મનમાં એમ હતું આ ચિત્રમાં કયાંય ભૂલ કે સુધારાને અવકાશ નથી. પણ સાંજે જયારે ચિત્ર ને જોયું ત્યારે ચિત્ર આખું ટપકાંથી છવાઇ ગયું હતું. ચિત્રકાર ખુબ જ દુઃખી થયો અને આઘાત પણ લાગ્યો. એને હતાશ જોઇ મિત્રએ તેને સૂચન કર્યું તું જનસમૂહનો સ્વભાવ સમજતો નથી. એને આવું સૂચન ન કરાય - હવે તારું આવું જ પેન્સીલથી દોરેલું બીજું ચિત્ર આવતીકાલે અહીં મૂકજે, પણ સૂચવા એવી લખજે, 'આ ચિત્રમાં હજુ સુધારાને અવકાશ છે તમને જયાં એ દેખાય ત્યાં તમારે હાથે જ સુધારો કરો.' .. અને આશ્ચર્યની વાત એ હતી કે એ આખુંય ચિત્ર કયાંક સુધારા-વધારા વિના એમને એમ, એવું ને એવું જ ચોખ્ખું રહ્યું હતું.

કોઇની ભૂલ કાઢવી સરળ છે. નવી રચના મુશ્કેલ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# માનવ જગતની કડવી અને હૃદયદ્રાવક વાસ્તવિકતાઓ રજૂ કરતાં કાવ્યો-ગઝલોમાં ડોકીયું

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

"આ દર્પણ તો નથી ખંડિત જરાયે,
ખરેખર હું જ તરડાઇ ગયો છું."

- આદિલ મન્સૂરી

સાહિત્ય જગતમાં ગુજરાતી સાહિત્ય એક ઘુઘવતા મહાસાગર જેવો મહાન ખજાનો છે. આ ખજાનાના રચયિતાઓ તેની જે રચનાઓ જેમાં નવલકથા, કાવ્યો-લઘુકાવ્યો-મુક્તકો-ગઝલો રજૂ કરે છ. તેમાં ભારોભાર માનવસમાજમાં જે કાંઇ સારૂં-નરસું-હૃદયદ્રાવક ચિત્ર છે તેને પોતાની આગવી શૈલીમાં રજૂ કરીને માનવસમાજમાં ચેતના જગવવાનો પ્રયાસ છે આ ખજાનામાં નવલકથાઓ-કાવ્યો-લઘુકાવ્યો-હાઇકુ, સંતપુરૂષોના ભજનો વગેરેનો સમાવેશ થાય છે. એક દળદાર નવલકથામાં જે વાત કરવાની હોય છે. તે વાત નાનકડા કાવ્ય, ગઝલમાં કરવામાં આવે છે. સત્તર અક્ષરોવાળા હાઇકુમાં સીત્તેર પાના ભરાય તેટલો સંદેશો હાય છે. આજે આપણે માનવ જગતી કેટલીક કડવી અને હૃદયદ્રાવક વાસ્તવિકતાઓ રજૂ કરતાં કાવ્યો અને ગઝલોમાં ડોકીયું કરીએ લેખના મથાળામાં આદિલ મન્સૂરી રચિત ગઝલમાં સરસ વાત કરી છે.

માનવી ઘરડો થતાં શરીરની માંસપેશીઓ સુકાઇ ગઇ હોય છે. તરડાઇ ગઇ હોય છે અને હાડપીંજર પોતાના અસ્તિત્વના દર્શન કરાવવા લાગે છે. શરીરના તમામ અંગોની નસો બહાર ઊપસી આવીને પોતાના દર્શન કરાવવા માગે છે. ઘડપણ કોણે રે મોકલ્યું એમાં દર્દનાક વાત કવિએ કરેલી છે. ચાલવાની, સાંભળવાની બોલવાની તાકાત છીનવાઇ જવા લાગે છે. ઘડપણના માર્ગ એટલે જીંદગીનો એક્સપ્રેસ હાઇવેનો જાણે કે અંત આવવાનો હોય તેમ જીંદગીનો આ માર્ગ તરડાઇ ગયો હોય છે. ગઝલકારે સરસ વાત કરી છે.

ઘરડી વ્યક્તિ અરિસામાં (દર્પણમાં) પોતાના ચહેરા અને શરીરનું દર્શન કરે છે. ત્યારે ઘડીક તો એમ લાગે કે દર્પણ (અરિસો) તરડાઇ ગયું હોય છે. શરીરના તમામ હાડકાં, નસો જાણે કે પોતાના અસ્તિત્વનો હુંકાર કરતા હોય તેમ ઘડપણ આવતાં શરીર હાડપીંજર જેવું બની જાય છે, નસો ફુલીને બહાર ડોકીયાં કરે છે ત્યારે ગઝલકારે ઘડપણમાં તરડાઇ જતાં શરીરની વાત ગઝલમાં કરી છે. આપણે તો આજકાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતુશ્રી હિરાબાના ઘડપણના તરડાઇ ગયેલા શરીરના દર્શન કરીએ ત્યારે માત્ર આંખોમાં જે હાવભાવ લાગણીના દર્શન થાય છે. તેમાં કદી ઘડપણ આવતું નથી. પણ એ આંખોમાં તો આનંદ, સંતોષનો ભાવ ડોકીયાં કરતો હોય છે પણ કેટલીક ઘરડી વ્યક્તિઓની આંખોમાં આઘાત-પીડા-દુઃખનો ભાવ વ્યક્ત થતો હોય છે.

હર્ષદ ત્રિવેદી રચિત એક ગઝલમાં કટાક્ષ કરતાં કહ્યું છે કે

"ભગવાનના સોગંદ ખાઇ
એની ખાતરી આપવા જયારે તેણે છાતી પર હાથ મૂક્યો,
ત્યારે તેના હૃદયના ધબકારામાં,
ગરોળીની કપાયેલી પૂંછડીની જેમ ભગવાન તરફડી ઉઠે છે."

માનવીય વ્યવહારોમાં જયારે કોઇ વાદવિવાહ સર્જાય ત્યારે એક વ્યક્તિ પોતે કેટલો સાચો છે કેટલો પ્રામાણિક છે તેની સાબિતી પુરવાર કરવા ભગવાનના સોગંધ ખાઇને છાતી ઉપર હાથ મુકે છે. વાદવિવાદમાં બિચારા ભગવાનનો આડશ લઇને ભગવાનના નામે સોગંધ ખાય એટલે પતી ગયું. ભગવાનના સોગંદ ખાય એટલે પતી ગયું. ભગવાનના સોગંધ ખાયને તમારી વાત રજૂ કરો એટલે સામી વ્યક્તિ ટાઢી પડી જાય છે. વિવાદનો અંત આવી જાય છે પણ ગઝલકારે કટાક્ષ કરતાં કહ્યું છે કે ભગવાનના સોગંધ ખાનાર વ્યક્તિ જુઠી હોય અને ભગવાનના સોગંદ ખાય એટલે તેના આત્મામાં, હૃદયમાં બિરાજેલા ભગવાન તરફડવા લાગે છે. સોગંધ ખાનારો પોતે ખોટો છે તેથી તેનો આત્મા ડંખે છે અને હૃદયના ધબકારા વધી જાય છે અને એ ધબકારામાં જેમ કોઇ ગરોળીની પૂંછડી તરફડવા લાગે તેમ ભગવાન બિચારો તરફડવા લાગે છે. વળી ઘણા તો પોતાના સંતાનના સોગંધ ખાઇને પોતાની ખરાઇનું પ્રમાણપત્ર આપતા હોય છે. અરે ભાઇ! બિચારા ભગવાન જેવા નિર્દોષ બાળકોને, ભગવાનને તમે તમારા પાપમાં આડે ક્યાં નાખો છો?

વિપીન પરીખ રચિત કાવ્યમાં સરસ વાત કરી છે.

"બધાને ઘરેથી, ખૂણે ખાંચરેથી,
એમના વિશેષણો લઇ આવ્યો
દંભી, ઢોંગી, જુઠ્ઠો, લપોડી
બધાં વિશેષણો ઉપર ભારોભાર ઘાંસ નાખ્યું.
ઉપર પેટ્રોલ
અને આગ લગાડી
પછી મેં મારા વિશેષણોના લાકડાં અંદર નાખ્યા
વિવેકી, સમજુ, સાચ્ચાં બોલો, ચોક્કસ, સંવેદનશીલ
શું ભડકા નીકળ્યા છે. અંધારી રાતમાં."

માનવજગતમાં કેટલાંક લોકો સ્વભાવે દંભી, ઢોંગી, જુઠ્ઠા. લપોડ શંકર, અભિમાની હોય છે. ગઝલકારે તેની ગઝલ દ્વારા આ બધાં વિશેષણો, આ બધી માનવજગતની સ્વભાવગત ખામીઓ ને દૂર કરવામાં માનવ જગતની સારી બાબતો જેવી કે વિવેકીપણું માનવીની સમજણ, સચ્ચાઇ, ચોકસાઇ, સંવેદનશીલપણું જેવા ગુણો ઉપયોગી થાય છે. આવા ગુણોથી માનવીય અવગુણઓનો નાશ કરી શકાય છે.

માનવીય ગુણોરૂપી લાકડાં, ઘાસ, પેટ્રોલનો ઉપયોગ કરીને માનવીય અવગુણોનો બાળીને ભસ્મ કરી શકાય છે. અવગુણોનો નાશ કરવામાં માનવીય ગુણો ઉપયોગી થાય છે.

હરિન્દ્ર દવેએ તેમની ગઝલમાં સરસ વાત કરી છે.

"સમજણની સાથે જીવવું ગમતું નથી મને,
નાદાન થઇ શકું એ ક્ષણોમાં જિવાડજો."

બાળક જન્મે પછી મોટું થાય સમજણું થાય તે પહેલાં તો તેમનામાં સમજણનો અભાવ હોય છે. તે જે કાંઇ હરકતો કરે છે બોલે છે એ બધામાં તેની નાદાનિયતના ભારોભાર દર્શન થાય છે. નાદાનિયતમાં કોઇ દંભ હોતો નથી. દંભ હોતો નથી. કોઇ પાપ હોતું નથી. પરંતુ જેમ જેમ માનવી મોટો થતોજાય સમજણ આવતી જાય તેમ તેમ દુન્યવી દોષો તેનામાં આવતાં જાય છે. સમજણો થતાં માનવીમાં દંભ, ઇર્ષા, વહેમ, જુઠાપણું, અભિમાન, લુચ્ચાઇ, લફંગાઇ, ઢોંગીપણું જેવા અનેક દોષો આવવા લાગે છે. ગઝલકાર તેની ગઝલ દ્વારા કટાક્ષ કરીને કહ્યું છે કે સાચા માનવીના દર્શન તેની નાદાનિયત ભર્યા બાળપણમાં થાય છે. નાદાનિયતમાં સમજણ હોતી નથી. સાચી જિંદગીના દર્શન નાદાનિયત ભર્યા બાળપણમાં થાય છે. એટલે માનવી પોતે સમજણો થઇને જિંદગીના દોષોથી અવગુણોથી કંટાળ્યો છે અને તેને સમજણવાળું જીવન ખપતું નથી પણ તેને નાદાનિયતની ક્ષણોમાં જીવવાની ખેવના છે. સંદેશોએ છે કે ભલે તમે સમજણા થયાં પણ તમારામાં બાળપણ જેવી નિર્દોષ નાદાનીને ઝાળવી રાખો તો જિંદગી જીવવા જેવી લાગશે.

લાભશંકર ઠાકર રચિત ગઝલમાં સમજવા જેવી વાત કરી છે.

"તમે કદી તમને મળ્યા છો,
આ વિચિત્ર સવાલ લાગશે
પછી વિચારી જોતાં
એનો હકારમાં ઉત્તર આપવાનું મુશ્કેલ બનશે."

માનવીએ પોતાની જાતમાં પ્રથમ ડોકીયું કરવાની જરૂર છે પરંતુ હંમેશા દરેક વ્યક્તિ પોતાના દોષોમાં ડોકીયું કરવાને બજલે બીજાના દોષો, બીજાની ખામીઓ ઉપર ડોકીયું કરીને પોતાની જાતને નિર્દોષ, ડાહીડમરી સાબિત કરવા પ્રયત્ન કરે છે. પોતાનામાં રહેવી સ્વભાવગત ખામીઓ, સ્વભાવગત દોષોનો ઢાંક પીછોડો કરતાં રહીને બીજાના ખામીઓ, દોષો ઉપર અંગુલી નિર્દેષ કરીને બે વ્યક્તિના વાદવિવાદનો અંત લાવવાને બદલે તેને વધુ ચગાવે છે. પરંતુ ગઝલકારે કટાક્ષ કરતાં કહ્યું છે કે તમે કદી તમને પોતાને મળ્યા છો? તમારી પોતાની જાતમાં કદી ડોકીયું કર્યું છે ખરૂં? આવો પ્રશ્ન કોઇને પુછશો તો તેનો જવાબ કોઇ હકારમાં - હા માં નહિં આવે. આવો હકારમાં ઉત્તર આપવાનું મુશ્કેલ બનશે પણ માનવીએ પ્રથમ તો પોતાનામાં ડોકીયું કરવાની જરૂર છે. પોતાની ખામીઓ ઉપર ડોકીયું દરેક વ્યક્તિ કરશે તો આ જગતમાંથી મોટા ભાગના વાદવિવાદોનો અંત આવી જશે. પોતાની જાતમાં ડોકીયું કરવામાં માનવી નાનપ અનુભવતો હોય છે એ નાનપ નથી પણ તમારી સ્વભાવગત ખામી છે.

# જયાં જયાં અન્યાય દેખાય - સત્તાના જોરે શોષણ વર્તાય ત્યાં ત્યાં ધાર્મિક ગણાતા લોકોએ પડકાર ઝીલવો જ જોઇએ

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

**સઃ દીક્ષિતો, યઃ સકલે સદીક્ષતે,**
**સઃ પંડિતઃ યઃ કરણૈર પંડિતઃ**
**સઃ તાપસો યઃ પરતામ કર્ષણઃ**
**સ ધાર્મિકો યઃ પરમર્મ ન સ્પૃશેણ**

જે સર્વ વસ્તુને તત્ત્વદૃષ્ટિથી જુએ છે તેજ દિક્ષીત છે સત્યકાર્યમાં મગ્ન રહેનાર સાચો પંડિત છે. લોકોના દુઃખ દુર કરનાર સાચો તાપસ છે અને જે અન્યના મર્મને આઘાત નથી પહોંચાડતો તે ધાર્મિક છે.

**- પ્રાચીન**

ઉપરોક્ત શ્લોકમાં જીવનના વિવિધા પાસાઓ પરત્વેની સમ્યક દૃષ્ટિનું યોગ્ય નિરૂપણ થયું છે. આ જીવન તો નદીના વહેતા પ્રવાહ સમાન છે. તેમાં જ જીવતા જીવનનું સૌંદર્ય પ્રતિબિંબિત થાય છે. આપણા દરેક સાચા કે ખોટા વિચારો, દરેક યોગ્ય કે અયોગ્ય ભાવ તથા શુભ કે અશુભ કાર્ય. આ સૌ નદીમાં ઊઠતા તરંગો સમાન છે. આ તરંગો વિનાશકારી ન બનતાં કલ્યાણકારી વ્યાપક બને તો જીવનનો વિકાસ સધાય છે. વ્યક્તિત્વનો વિકાસ ત્યારે જ સધાય છે. જયારે આપણને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય. આપણે એ તો જાણીએ છીએ કે સમય કિંમતી છે. સાથે એ પણ જાણવું જરૂરી છે કે જીવનની દરેક ક્ષણ સનાતન છે. તેમાં અપાર સંભાવનાઓ ભરી પડી હોય છે. દરેક ક્ષણ ઉપર ઉઠાવવાની તથા નીચે ઉતારવાની સંભાવના ધરાવે છે. દરેક ક્ષણનો તમે કેવો ઉપયોગ કરો છો તેના પર જ તમારા વ્યક્તિત્વનો આધાર છે. કોઇ પણ કાર્યનું મુલ્યાંકન માત્ર સામાજિક ધોરણે ન કરતાં આધ્યાત્મિક સ્તરે પણ થવું જોઇએ. નાનાભાઇ ભટ્ટ મુજબ, કોઇ પણ કાર્યકરનું મૂલ્ય સમાજમાં ભલે તેનાં કાર્યની ઉપયોગીતાથી અંકાય, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિથી કાર્યનું મૂલ્ય કાર્યકરની નિષ્ઠામાંથી અંકાવું જોઇએ. 'કાર્ય પરત્વેની નિષ્ઠા એ આપણા સમાજનો મોટો પ્રશ્ન છે. લોકો વાતો વધારે કરે છે. પણ કર્મ-નિષ્ઠા કેળવતા નથી. સાચા કર્મ-નિષ્ઠને શોધવાનો પ્રયત્ન ન કરતા. આપણે જ એ માર્ગે જવું જોઇએ. આપણા ભાગ્યે આવેલ ગમે તેવા નાનામોટા કર્મોને નિષ્ઠાપૂર્વક બજાવવા જોઇએ. વ્યક્તિને નિષ્ઠાવાન બનાવવા કોઇ નિયમ કે પદ્ધતિ નથી. જો વ્યક્તિમાં તે માટે દૃઢ ઇચ્છા ન હોય તો તેનું પરિવર્તન કરવું એ અતિ મુશ્કેલ કાર્ય છે. પણ જો વ્યક્તિ દૃઢતા પૂર્વક ઇચ્છે તો તેના જેવું સરળ કાર્ય અન્ય નથી. પદ તથા પ્રતિષ્ઠા માટે ઝાવા મારનારે યાદ રાખવું જોઇએ કે પદ અને પ્રતિષ્ઠા અધિકાર પ્રમાણે જ મળે છે. અધિકાર પ્રમાણેનું જો વર્તન કરવામાં આવે તો તે અવશ્ય કલ્યાણને જ ખેંચી લાવે છે. પોતાના વિચાર તથા વર્તન સમાજ માટે કલ્યાણકારી છે કેમ તે જાણવા વ્યક્તિએ પોતાના મનનું પૃથક્કરણ કરતા રહેવું છે.'

પોતાના વિચાર-પ્રવાહની નોંધ કે ડાયરી રાખવી એ પૃથુકરણ માટેનો સરળ માર્ગ છે. પોતાની ડાયરીમાં અવારનવાર કરાયેલી સાચી નોંધ જ પોતાની જાતને ઓળખવામાં મદદરૂપ બને છે અને જે વ્યક્તિ પોતાની જાતને ઓળખી શકે છે તે ભગવાનને પણ ઓળખી જાય છે. ઘણા માણસો જીવનભર જરા પણ બદલાતા નથી. કારણ તેઓ પોતાની ભુલો જોઇ શકતા નથી. દરરોજ સાંજે માત્ર પાંચ-મિનિટ પ્રાર્થના કરતી વખતે જ ઉપરોક્ત શ્લોક યાદ કરવો. ચાર-સ્તર પરથી ગમે તે એક સ્તર હો - તો તે માટેના ચોક્કસ નિયમો છે જ શાસ્ત્ર-નિયુક્ત આ નિયમોનું આચરણ કરવું એ અતિ જરૂર ગણાય. દિક્ષીત - પંડિત - તપસ્વી અને ધાર્મિક - ગમે તે એક પસંદ કરો ને આગળ વધો કેવળ આજીવિકા વિચાર ન કરો. જીવન વિશે પણ સાથોસાથ થોડું પણ મહત્ત્વનું વિચારો. દરેક કાર્યમાં, તમારા દરેક પ્રયત્નોમાં જીવનને ઊંચુ તારવો. વિકાસ અંગેની સમજણ પણ જાતે પ્રાપ્ત કરવાની હોય છે. આપણી ઇચ્છા તથા અનિચ્છા વચ્ચે સતત સંઘર્ષ ચાલતો હોય છે. પરિણામે આપણે ભાગ્યે જ તાત્કાલિક નિર્ણય લઇ શકીએ છીએ. દિક્ષીત હોવું એ અતિ ભારે જવાબદારી છે. આજે તો દીક્ષા-ગ્રહણ માત્ર જૈન - ધર્મમાં જ નજરે પડે છે. જયાં સંસાર ત્યાગ અને સાધુ જીવન અપનાવવું તેવો અર્થ કરાય છે. ઉપનયન-સંસ્કાર પણ એક પ્રકારનો દીક્ષા મહોત્સવ છે. પણ આજે તે પોતાની મહત્તા ગુમાવી બેઠો છે. આજે તો 'ભિક્ષાન્ત દેહી' બોલનાર બાળક બીજી ક્ષણે જ રસોડામાં થઇ વગર માગે પેટપૂજા કરે છે. દિક્ષીત થવું એ ખાસ અર્થ ધરાવે છે. તેને બાહ્ય આચાર સાથે સંબંધ નથી સાચા દિક્ષીતની દૃષ્ટિમાં પરિવર્તન આવે છે. તત્વદૃષ્ટિથી તે વિશ્વને નિહાળે છે. તત્વદૃષ્ટિથી જોવું એટલે સમગ્ર રીતે, સ્વભાવથી જોવું.

આ જૂજવા નામરૂપ પાછળ એક સનાતન વિશુદ્ધ ચૈતન્ય જ છે. તેનું દર્શન કરવું. અહીં કોઇ જડ નથી. ચારેબાજુ ચૈતન્યનો સાગર જ ઘૂઘવે છે. અહીં સૌ સમાન છે એક જ ચૈતન્યતા આ સૌ આર્વિભાવ છે. તેવી દૃષ્ટિ કેળવવી. ગીતાજીમાં પ્રબોધ્યા પ્રમાણે ગૌ, બ્રાહ્મણ, શ્વાસ ને ચાંડાલ - સૌને સમભાવથી નિહાળવા. દીક્ષીત વ્યક્તિ માત્ર પોતાના પંથ કે સંપ્રદાય પુરતી જ કાર્યરત ન રહે. પણ અન્યને પણ પોતાનો અનુભવ પીરસે. કોઇ પણ ગુરૂ પાસેથી દીક્ષા લેવી એટલે માત્ર તે જ સિદ્ધાંતો સ્વીકારવા તેવો સંકુચિત અર્થ જે ધરાવે છે. તે સાચા અર્થમાં દિક્ષીત નથી.

જ્ઞાની પંડિતો માટે તો જગદ્ ગુરૂ શંકરાચાર્યએ કહ્યું છે, આચારવાન પંડિતઃ પોતાના જ્ઞાનનો આચારમાં ઉતારનાર જ સાચો જ્ઞાની છે. બાકી તો દૂધપાકમાં કડછી જેવા ગણવા જેવો પ્રકાશ લાધ્યો છે. જેની પાસે જ્ઞાનની જયોત છે. તેણે તો જયાં જયાં અંધકાર હોય ત્યાં પ્રકાશનું કિરણ ફેલાવવું જ રહ્યું. પોતાના તાપણે પોતે એકલા તાપે તે યોગ્ય નથી. ઠંડીમાં ધ્રૂજતા લોકોને પણ જ્ઞાન-ઉષ્મા આપવી જોઇએ. આ માર્ગે શ્લોકમાં સત્કાર્ય કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. વિદ્યાધન તો જેટલું ખર્ચાય તેટલું વધે છે. આપણા એક કવિ કહે છે 'બચાવ્યું તે એળે ગયું, લૂંટાવ્યું તે લહાણ' જ્ઞાની પંડિતને સત્કાર્યોમાં પોતાના જ્ઞાનને અધિકમાં અધિક માત્રામાં વાપરવું જોઇએ. જ્ઞાન જો માત્ર પોથી પુરતું સીમિત રહે તો ગળાનાં પથ્થર બની ડૂબાડે છે. તારતું નથી આપણે ત્યાં 'તપ' નો અર્થ શારીરિક કષ્ટ પુરતો થાય છે. આ શારીરિક કષ્ટ ધર્મના નામે, પરમ-તત્ત્વ પામવાથી ઇચ્છાથી કરાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગાંધીનગરના કવિ ભરત કવિ 'ઉર્મિલ'ના કાવ્યસંગ્રહ 'અરમાન'ની સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થઇ છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ

## શબ્દ સેતુ

સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સાહિત્ય સભા

● ગુજરાતી ભાષામાં વિજ્ઞાન લેખન કાર્યશિબિર

ઇસાર સામાજિક પ્રવૃત્તિ અને સંશોધન સંસ્થાન અમદાવાદના ઉપક્રમે ભાવનગર જિલ્લામાં આવેલ શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત લોક વિદ્યાલય વાલુકડ, તા. પાલીતાણા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રોદ્યોગિક સંચાર પરિષદ નવી દિલ્હી (NCSTC) ના સહયોગથી ૧૯ જૂન ગુરૂવારથી ૨૨ જૂન રવિવાર ૨૦૧૪ના સમયગાળામાં વિજ્ઞાન લેખકો માટેની કાર્યશિબિર ચાલી રહી છે. જેમાં રાષ્ટ્રીય અને રાજય કક્ષાના વિજ્ઞાન લેખકોને એક મંચ પર એકત્રીત કરી, સંવાદો યોજવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને ગુજરાતી ભાષામાં વિજ્ઞાન લેખકનાં પ્રશ્નોની ચર્ચા, વિજ્ઞાન પ્રસારના વિવિધ પ્રશ્નોની ચર્ચા તેમજ બદલાતા જતા અને સતત નવીનીકરણ પામતા મુદ્દાઓનું આકલન કરવાના હેતુથી કાર્યશિબિર યોજાઇ રહી છે.

● ગાંધીનગરના કવિ ભરત કવિ 'ઉર્મિલ'ના કાવ્યસંગ્રહ 'અરમાન'ની સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થઇ છે.

જેનું લોકાર્પણ તાજેતરમાં સંત શ્રી મોરારી બાપુના કરકમળોથી કાગધામ ખાતે સંપન્ન થયું હતું. આ પ્રસંગે જાણીતા લોકસાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. ભરત કવિ 'ઊર્મિલ' હાલમાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકે કાર્યરત છે. તેમનો આ પ્રથમ કાવ્ય સંગ્રહ ખુબ જ લોકપ્રિય બની રહ્યો છે. જેમાં ૬૮ જેટલી ગઝલો તેમજ ગીતોનો સમાવેશ કરાયો છે. તેમની ગઝલના શેરોમાં ઉલ્લેઓખ મોરારી બાપુ વારંવાર તેમની રામકથામાં કરે છે. તે ઉપરાંત ભીખુદાન ગઢવી પણ તેમનાં લોક સાહિત્યમાં કાર્યક્રમો દરમિયાન કાવ્ય પંક્તિઓનો ઉપયોગ કરતા હોય છે. 'અરમાન' પુસ્તકના વિમોચન પ્રસંગે જાણીતા લોકકવિ દુલાભાયા કાગના પુત્ર બાબુ ભાઇ કાગ, બળવંત જાની તેમજ રાજસ્થાનના લોક સાહિત્યકાર, ઓમકારસિંહ લખાવત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જે તસ્વીરમાં જોઇ શકાય છે.



● હરભાઇ ત્રિવેદીની શિક્ષણ યાત્રા અંતર્ગત જાતક કથાઓ ભાગ-૧-૨

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચાર શક્તિ, તર્કશક્તિ, પૃથ્થકરણ કરવાની આવડત વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય એમ માનનારા હરભાઇ ત્રિવેદીએ નવા ક્રાંતિકારી વિચારો શિક્ષણ જગતમાં મુક્યા હતા. તે માટે સંઘર્ષ પણ કર્યો. ગુજરાતમાં મનોવિજ્ઞાન આધારિત શિક્ષણ સાહિત્યની પહેલ તેમણે કરી હતી. ખાસ કરીને નૂતન કેળવણી, બાલ શિક્ષણ, બાલમાનસ, કુમાર અવસ્થા અને યુવા-અવસ્થાના પ્રશ્નોના ઉકેલને તેમને નવી દિશા આપી છે. તેથી તેમના શૈક્ષણિક વિચારો પ્રગતિશીલ ગણાયા છે.

હરભાઇના બહોળા શૈક્ષણિક સાહિત્યમાંથી મહામાનવ સિદ્ધાર્થના પૂર્વજન્મને લગતી વાર્તાઓ 'તથાગત' અને 'જાતક કથાઓ' ને વાચકો તરફથી ખુબ જ આવકાર મળી રહ્યો છે. કારણ કે ખુબ જ સરળ અને રૂચિકર ભાષામાં લખાયેલી છે.

જાતક કથાઓ ભાગ-૧-૨માં બૌદ્ધ ધર્મની ખાસિયતો અને જીવન દૃષ્ટિ રજૂ થઇ છે. જાતક કથાઓ એટલે ભગવાન બુદ્ધની પૂર્વ જન્મોની કથાઓ, તેમાં એવીયે ઘણી કથાઓ છે જે આપણી જૂની લોકકથાઓ કહી શકીએ. આ જાતક કથાઓમાં બુદ્ધ ધર્મની ખાસિયતો ઉપરાંત તે કાળના રીત રિવાજો, માન્યતાઓ, વહેમો અને સામાજિક રૂઢિઓ જાણવા મળે છે. સરસ્વતી વિદ્યામંડળ હરભાઇ સ્મારક નિધિ આયોજિત બાળશ્રેણી અંતર્ગત ગુર્જર સાહિત્ય ભવન અમદાવાદ દ્વારા આ ખુબ જ ઉપયોગી પુસ્તકો પુનઃ મુદ્રણ કરવામાં આવ્યું છે.

કાવ્ય સેતુ

ફૂલોની બિછાત : કાસ અભયારણ્ય

કોણે બિછાવી આ ફૂલોની બિછાત
પ્હાડોની પીઠ પર?
મસ્તાની માટે બાજીરાવે કે શું ?
આભના મબલખ તારા
પરોઢ થતાં
બની ગયા ફૂલો શું અહીં?
ઝાકળ બિંદુ ફૂલ બનીને
સૂરજ સામે મીઠું મીઠું મરકે
પતંગિયાં ઉડતાં ઉડતાં આવે
ફૂલો પર બેસે
ત્યાં ફૂલો ઉડવા લાગે!
કોણે બિછાવી આ ફૂલોની બિછાત
પ્હાડોની પીઠ પર?